# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. સેમિકોન ઇન્ડિયા 2025નું ઉદ્ઘાટન કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારતની સૌથી નાની ચિપ વિશ્વમાં સૌથી મોટું પરિવર્તન લાવશે
2. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે વધુ બે યુનિટ ટૂંક સમયમાં સેમીકન્ડક્ટરનું ઉત્પાદન શરૂ કરશે
3. સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ આજથી ત્રણ દિવસની ભારત મુલાકાતે આવશે
4. સુદાનમાં થયેલા ભૂસ્ખલનને કારણે એક હજારથી વધુ લોકોના મોત
5. ઓસ્ટ્રેલિયાના ટોચના ક્રિકેટર મિચેલ સ્ટાર્કની ટી-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM SEMICONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત સાથે સેમિકન્ડક્ટરમાં ભવિષ્ય બનાવવા માટે દુનિયા તૈયાર છે. આજે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે સેમિકોન ઇન્ડિયા **2025**નું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ કહ્યું કે તે દિવસ દૂર નથી જ્યારે ભારતની સૌથી નાની ચિપ વિશ્વમાં સૌથી મોટુ પરિવર્તન લાવશે.

શ્રી મોદીએ કહ્યું કે વૈશ્વિક સેમિકન્ડક્ટર બજાર આગામી વર્ષોમાં એક ટ્રિલિયન ડોલરને પાર કરવાનો અંદાજ છે અને ભારત જે ગતિએ આગળ વધી રહ્યું છે તે ગતિએ, દેશ આ બજારનો નોંધપાત્ર હિસ્સો મેળવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે **2021** થી મંજૂર થયેલા **10** સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાં **18** અબજ ડોલરનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. તેમણે એવી પણ જાહેરાત કરી કે સરકાર ટૂંક સમયમાં આગામી પેઢીના સુધારાઓ શરૂ કરશે.

ઉદ્ઘાટન સમારોહને સંબોધતા, કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી, અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે સેમિકન્ડક્ટર મિશનના પ્રારંભથી, વિશ્વ સંપૂર્ણ વિશ્વાસ સાથે ભારત તરફ જોઈ રહ્યું છે. તેમણે માહિતી આપી કે પાંચ સેમિકન્ડક્ટર યુનિટનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે અને પ્રધાનમંત્રીને પ્રથમ મેડ ઇન ઇન્ડિયા ચિપ રજૂ કરી. તેમણે ઉમેર્યું કે આવા બે વધુ યુનિટ થોડા મહિનામાં ઉત્પાદન શરૂ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બિહાર રાજ્ય જીવિકા નિધિ સહકારી સંઘ લિમિટેડનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે બિહારની માતાઓ, બહેનો અને પુત્રીઓને કોઈ તકનો અભાવ ન રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર શકય તમામ પ્રયત્નો કરી રહી હોવાનું જણાવ્યુ હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM SINGAPORE

સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ આજે સાંજે ત્રણ દિવસની ભારત મુલાકાતે આવશે. શ્રી વોંગ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને ભારતીય ઉદ્યોગ અને વ્યવસાય સાથે વાતચીત કરશે.

તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. વિદેશ મંત્રી એસ જયશંકર અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ શ્રી વોંગને મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GOYAL INDIA UAE

ભારત અને સંયુક્ત આરબ અમીરાત-UAE દ્વારા વ્યાપક આર્થિક ભાગીદારી કરાર-CEPA હેઠળ થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવી. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે મુંબઈમાં UAEના વિદેશ વેપાર મંત્રી ડૉ. થાની બિન અહેમદ અલ ઝાયૌદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

આ બેઠક દરમિયાન, કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ-APEDA દ્વારા ભારતની કૃષિ ટેકનોલોજી, સ્થિતિસ્થાપકતા અને પ્રગતિ અંગેની પહેલનો પણ પ્રારંભ કરાયો હતો.

આ કાર્યક્રમ 2030 સુધીમાં 50 અબજ ડોલરની કૃષિ-ખાદ્ય નિકાસ ક્ષમતા હાંસલ કરવાના APEDAના મહત્વાકાંક્ષી વિઝનનો પાયો છે. બંને દેશોના મંત્રીઓએ વેપાર સુવિધા માટે UAEમાં સ્થાનિક ચલણ સમાધાન પ્રણાલી અને દ્વિપક્ષીય આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવા અને પરસ્પર લાભ માટે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં નજીકથી કામ કરવા પર પણ ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PLI DATE EXTEND

સરકારે કાપડ ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન -**PLI** યોજના માટે અરજી કરવાની મુદત 30 સપ્ટેબર સુધી લંબાવી છે.

કાપડ મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા એક મહિનામાં **MMF** એપેરલ, **MMF** ફેબ્રિક્સ અને ટેકનિકલ ટેક્સટાઇલ ક્ષેત્રમાંથી 22 નવી અરજીઓ મળી છે. આ સાથે સરકારે સંભવિત રોકાણકારોને યોજનાનો લાભ મેળવવા માટે વધુ એક તક આપી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR-VIETNAM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિયેતનામના **80**માં રાષ્ટ્રીય દિવસની વિયેતનામના કાર્યકારી વિદેશ મંત્રી લે હોઈ ટ્રંગને અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રીએ કહ્યું કે ભારત અને વિયેતનામ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી સતત મજબૂત થઈને આગળ વધી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

## STOCKS-1200

આજે શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. શેરબજાર ખુલતાની સાથેજ 300 પોઇન્ટ ઉંચે ગયું હતું. આગામી સમયમાં જીએસટી કાઉન્સિલની બેઠકમાં રાહતના સમાચારની આશાએ માર્કેટમાં તેજીનો માહોલ સર્જાયો છે. બપોર બાદ સેન્સેક્સ 300 અને નિફ્ટીમાં સો પોઇન્ટ સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BANGLADESH -STUDENTS PROTESTS

બાંગ્લાદેશમાં, વિદ્યાર્થી જૂથો વચ્ચે તાજેતરની અથડામણો અને કેમ્પસમાં વધતી જતી અશાંતિને કારણે દેશભરની અનેક યુનિવર્સિટીઓમાં તણાવ સર્જાયો છે.

ચિત્તાગોંગ યુનિવર્સિટી કેમ્પસ અને આસપાસના વિસ્તારોમાં રવિવારે વિદ્યાર્થીઓ અને સ્થાનિકો વચ્ચે અથડામણો થયા બાદ ગઈકાલે, ભારે તણાવ ઉભો થયો હતો, જેમાં **300** થી વધુ શિક્ષકો, વિદ્યાર્થીઓ, પોલીસ અધિકારીઓ અને પત્રકારો ઘાયલ થયા હતા, જ્યારે ત્રણ વિદ્યાર્થીઓ જીવન માટે સંઘર્ષ કરી  રહ્યા હતા.

મીડિયા અહેવાલો અનુસાર, કલમ **144** લાગુ હોવા છતાં, વિદ્યાર્થીઓ દિવસભર તેમના રહેણાંક હોલમાંથી બહાર આવ્યા હતા, વિવિધ સ્થળોએ દેખાવો કર્યા હતા. કેમ્પસમાં સેના અને પોલીસ કર્મચારીઓની ટુકડી તૈનાત છે.

ગઈકાલે ઢાકા અને મૈમનસિંઘ વચ્ચે ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ હતી કારણ કે બાંગ્લાદેશ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મૈમનસિંઘ નજીક રેલ્વે લાઇન અવરોધિત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K SHRI MATA VAISHNO DEVI YATRA

માતા વૈષ્ણો દેવીની યાત્રા આજે સતત આઠમા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે. અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ, સતત વરસાદ અને ભૂસ્ખલનના ભયને કારણે યાત્રાળુઓ માટે માર્ગ અસુરક્ષિત બન્યો છે, જેના કારણે યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

અધિકારીઓએ કહ્યું છે કે યાત્રાળુઓની સલામતી તેમની ટોચની પ્રાથમિકતા છે. જોકે, ઘણા અસરગ્રસ્ત સ્થળોએ સમારકામ અને સફાઈ કાર્ય ચાલી રહ્યું છે, અને અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે કે જ્યાં સુધી તેમને સત્તાવાર પરવાનગી ન મળે ત્યાં તેઓ સુધી તેઓ કટરા ન જાય.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**IMD**

દેશના વિવિધ ભાગોમાં સતત વરસાદને કારણે સામાન્ય જનજીવન અસરગ્રસ્ત થયું છે.

ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને મેદાની વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રહેવાસીઓની મુશ્કેલીઓમાં વધારો થયો છે. અનેક સ્થળોએ સતત વરસાદ અને ભૂસ્ખલનથી રોજિંદા જીવન પર નોંધપાત્ર અસર થઈ છે. દેહરાદૂન અને ઉત્તરકાશી જિલ્લાના કેટલાક ભાગોમાં આજે

ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે બાકીના જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ અમલમાં છે.

પંજાબ પણ વરસાદના કારણે 29 લોકોના મોત સાથે સૌથી ભયાનક પૂરનો સામનો કરી રહ્યું છે અને બે લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે.

દરમિયાન, ભારતીય હવામાન વિભાગે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, ગંગા પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, પંજાબ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં આજે અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV….SUDAN LANDSLIDE

સુદાનમાં થયેલા મોટા ભૂસ્ખલનમાં એક હજારથી વધુ લોકોના મોત થયા છે. ભૂસ્ખલનમાં એક આખું પર્વતીય ગામ તૂટી ગયું છે, ભારે વરસાદના કારણે આ સ્થિતિ સર્જાઈ છે.

સુદાન લિબરેશન મુવમેન્ટે જણાવ્યું હતું કે સાઇટ્રસના ઉત્પાદન માટે જાણીતા પ્રદેશનો એક ભાગ સંપૂર્ણપણે નાશ પામ્યો છે. જૂથે સંયુક્ત રાષ્ટ્ર

અને આંતરરાષ્ટ્રીય સહાય એજન્સીઓને પીડિતોના મૃતદેહ મેળવવામાં મદદ કરવા પણ અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે સુદાન 2023 થી સેના અને અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચે લોહિયાળ ગૃહયુદ્ધમાં ફસાયેલું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## STARC T20-RETIREMENT

ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કે **T-20** આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. સ્ટાર્કે **T-20** ફોર્મેટમાં ઓસ્ટ્રેલિયાના બીજા સૌથી વધુ વિકેટ લેનાર બોલર તરીકે સ્થાન મેળવ્યું.

તેમણે જણાવ્યુ કે તેઓ તેમની ટેસ્ટ અને વનડે કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. 2012માં પાકિસ્તાન સામે શરૂ થયેલી **T-20** આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં રમેલી 65 મેચમાં સ્ટાર્કે 7.74ના ઇકોનોમી રેટથી 79 વિકેટ લીધી હતી. છ **T-20** વર્લ્ડ કપમાંથી તેઓ પાંચમાં રમ્યા હતા જો કે ઈજાને કારણે 2016માં તેઓ રમી શક્ય ન હતા. 2021માં દુબઈમાં ઓસ્ટ્રેલિયાની ટી20 વર્લ્ડ કપ વિજેતા ટીમમાં તેઓ સામેલ હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .